નેત્રમ્ આંખની હોસ્પિટલ

## મોતિયો એટલે શું ?

- ઈશ્વરે આપેલા કુદરતી લેન્સની પારદર્શકતા દૂર થવી અથવા ઘટવી.
- મોતિયો થવાથી આંખમાં પ્રકાશના કિરણો પૂરતા પ્રમાણમાં જઈ શકતા નથી, જેથી નજર ઝાંખી પડે છે. અને તેજ કલર નિસ્તેજ દેખાવા માંડે છે.
- સાથો સાથ ચશ્માંના નંબર વારંવાર બદલાતા રહે છે.
- મોતિયાની કોઈ દવા નથી, તેનું ઓપરેશન કરવાથી દ્રષ્ટિ સંપૂર્ણપણે પાછી આવે છે.

## મોતિયાનું ઓપરેશન ક્યારે કરાવી શકાય ?

- આપણી રોજીંદા જીવનની કામગીરીમાં તકલીફ પડે ત્યારે ઓપરેશન કરાવી શકાય છે.
- મોતિયાની શરૂઆત થયા પછી ગમે ત્યારે ઓપરેશન કરાવી શકાય છે.
- મોતિયો સંપૂર્ણ પાકવાની રાહ જોવાની જરૂર નથી.
- કોઈ પણ ઋતુમાં ઓપરેશન કરાવી શકાય છે.
- મોતિયાનું ઓપરેશન ક્યારે કરાવવું તેનો આધાર દર્દીની દ્રષ્ટિની જરૂરિયાત ઉપર રહેલો છે.
- હજુ થોડું દેખાય છે. મોતિયો કાચો છે અને તેનું ઓપરેશન ના કરાવી શકાય તેવી માન્યતા ખોટી છે.
- ઓપરેશન સમયસર ન કરવામાં આવે તો મોતિયો વધારે પાકી જવાથી, ઝામર થવાની અથવા મોતિયો આંખની અંદર પડી જવાની શક્યતા રહે છે. જેના પરિણામો ગંભીર આવી શકે છે.
- મોતિયાના ઓપરેશન પછી દ્રષ્ટિનો આધાર પાછળના પડદાની તંદુરસ્તી ઉપર રહેલો છે. ડાયાબીટીસ જેવા રોગોથી પડદો નબળો પડી શકે છે અને દ્રષ્ટિ તેટલા પ્રમાણમાં ઓછી રહેવાની શક્યતા રહે છે.

**SYSTEMIC HISTORY**

☐ BP : ______________________ ☐ ALLERGY : ______________________

☐ DM: ______________________ ☐ OTHERS : ______________________

☐ ASTHMA :______________________ ______________________

NETRAM EYE HOSPITAL